જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૬/૨૦૨૩

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૧,૩૧,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૫૩૩ લીટર દેશી દારૂ, ૪૨૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૧૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ લોડીંગ ટેમ્પો અને ૧ આયશર ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૮/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અતકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૯/૨૦૨૩</u>**

**શાહીબાગઃ** અખિલેશ બનવારીલાલ યાદવ (રહે. ગોપાલજીની ચાલી ડફનાળા રોડ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૧/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનુ તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી પેટી પલંગમાં સ્ટીલના નાના ડબ્બામાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જે.જીતીયા ચલાવે છે.

**નારોલઃ** મિનાબહેન વા/ઓ વિનોદભાઇ લોધા (રહે. શ્રી રામનગર સોસાયટી હાઇફાઇ ચાર રસ્તા પાસે નારોલ) એ તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૩ સાંજના ૫/૩૦ થી તા.૨૨/૦૧/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સુટકેસમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** સંજીવભાઇ કૈલાશનારાયણ બોરા (રહે. સંકુલ એપાર્ટમેન્ટ ફ્રેન્ચ કોલોની સી.એન.વિધ્યાલય પાસે આંબાવાડી એલીસબ્રીજ) એ તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૩ કલાક ૧૨/૩૦ થી તા.૨૬/૦૧/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની પાછળની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૦/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** હાર્દીકભાઇ પ્રકાશભાઇ ભાવસાર (ઉ.વ.૪૦) (રહે. સેક્ટર-૦૧ કાચના મંદીર પાછળ ચાણક્યાપુરી ઘાટલોડીયા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે સાગર સંગીત ચાર રસ્તાથી આગળના ઢોસાવાળા ચાર રસ્તા નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ હાર્દીકભાઇને અટકાવી વાતોમાં વ્યસ્ત રાખ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ અન્ય બે પુરૂષ હાર્દીકભાઇની નજર ચુકવી કારમાંથી થેલી ચોરી કરી લઈ ચારેય પુરૂષો નાસી ગયા હતા. જે થેલીમાં રોકડ રૂપિયા ૬,૯૯,૩૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

**નરોડાઃ** ભાવનાબહેન વા/ઓ ગીરીશભાઈ જોષી (ઉ.વ.૫૦) (રહે. નિલકંઠ હાઈટ્સ નરોડા બીઝનેશ હબ સામે નરોડા દહેગામ રોડ નરોડા) તા.૨૩/૦૧/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.ઇ.બી.પાસે વિમલપાર્ક સોસાયટીની બાજુમાં ખુલ્લા પ્લોટમાં ડોમમાં કઠા સાંભળવા ગયા હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ ભાવનાબહેનની નજર ચુકવી ભાવનાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ ભાવનાબહેન જોષીએ તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૧/૨૦૨૩**

**નવરંગપુરાઃ** મોટેરા કોટેશ્વર મહાદેવ મંદીર સામે ખુલ્લી જગ્યામાં રહેતા સંજયભાઇ કનુભાઇ માવી (ઉ.વ.૩૨) (મુળ વતન. રેલ ફળીયુ ગામ-ગડોઇ તા,જી-દાહોદ) તા.૨૭/૦૧/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા પાસે મિલનપાર્ક સોસાયટી બંગ્લા નંબર-૧૧ ખાતે જમીનમાં પાણીની પાઇપ નાખવાનુ કામકાજ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને નવરંગપુરા નીધી હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઈ જગમાલભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૨/૨૦૨૩</u>**

**કૃષ્ણનગરઃ** લક્ષ્મીબહેન વા/ઓ બંટી મહોર (ઉ.વ.૨૩) (રહે. ઇન્દ્રજીત સોસાયટી પાછળ પતરાવાળી ઓરડી બ્રહ્માણી ડેરીના ખાંચામાં ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૧/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી